અપગ્રાક્રમાંક-૨૨

# 21

**સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપને ફાળવેલ જમીન**

*** 15/04/1870 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** (વાંસદા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપની વન વિભાગ હસ્તકની ક્યા સ્થળે અને કેટલી જમીન મેળવવા માટેની અરજીઓ/માંગણીઓ પડતર છે, | (૧) તા:૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપની (જૂનું એસ્સાર સ્ટીલ લી.) વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળ ભારત સરકારની મંજૂરી મેળવવા માટેની મોજે: હજીરા, તા:ચોર્યાસી, જી:સુરત ખાતે ૧૯૬.૯૦ હેક. વન જમીનના ડાયવર્ઝન માટેની ચાર દરખાસ્તો પડતર છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત કંપનીને વન વિભાગ હસ્તકની કેટલી જમીન ક્યા ભાવે ફાળવવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપનીને વન (સંરક્ષણ) ધારા – ૧૯૮૦ હેઠળ કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ વન વિભાગની ફાળવેલ જમીન અન્વયે વળતર વનીકરણ પેટે કેટલી રકમ મેળવવામાં આવી અને કયા સ્થળે કેટલી જમીન મેળવવામાં આવી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------------------

## અગ્રતા ક્રમાંક.૨૧

## પૂરક નોંધ

### (૧) આખરી મંજુરી મળેલ દરખાસ્તોની વિગત :

- આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડીયા (જુનુ એસ્સાર સ્ટીલ લી.)ની કુલ ૬૫.૭૩ હેક્ટરની બે (૨) દરખાસ્તોને તા.૧૩/૦૯/૨૦૨૧થી આખરી મંજુરી મળેલ છે.
- આ **બે (૨) દરખાસ્તોમાં કુલ રૂ.૬૧.૮૫ કરોડ વસૂલ કરવામાં** આવેલ છે.
- જે પૈકી **રૂા.૪૬.૯૮ કરોડ પેનલ્ટી તરીકે વસુલ કરવામાં આવેલ છે.**
- આ બે દરખાસ્તોમાં **કુલ ૨૦૬.૩૮ હેક્ટર** જમીન (ત્રણ ગણી) **મોજે.અંધૌ, જી.કચ્છ** ખાતે વળતર વનીકરણ માટે મેળવવામાં આવેલ છે.

| અ. નં. | વિગત | કુલ |
|---|---|---|
| ૧ | વળતર વનીકરણ | **૬૯૩.૧૧ લાખ** |
| ૨ | એન.પી.વી. (નેટ પ્રેઝન્ટ વેલ્યુ) | **૪૧૧.૪૬ લાખ** |
| ૩ | વનઅને વન્ય પ્રાણીઓના વિકાસ માટે | **૧૦૦.૦૦લાખ** |
| ૪ | તા.૧૨/૦૬/૨૦૧૫ ના ઠરાવ મુજબ રકમ | **૨૭૦.૨૦ લાખ** |
| ૫ | અન્ય | **૧૨.૮૦ લાખ** |
| | **કુલ રકમ ---** | **૧૪૮૭.૫૮ લાખ** |
| **પેનલ્ટીની રકમ** | | |
| ૬ | દંડનીય એન.પી.વી. (નેટ પ્રેઝન્ટ વેલ્યુ) | **૨૦૫૭.૩૪ લાખ** |
| ૭ | દંડનીય વ્યાજ | **૨૩૬૫.૯૫ લાખ** |
| ૮ | ભારતીયવન અધિનિયમ-૧૯૨૭ હેઠળ દબાણ અને નુકસાની પેટે વળતર | **૨૭૫.૧૦ લાખ** |
| | **કુલ રકમ ---** | **૪૬૯૮.૪૦ લાખ** |
| | **એકંદરે કુલ ---** | **૬૧૮૫.૯૯ લાખ** |

**(૨) સૈદ્ધાંતિક મંજુરી મળેલ દરખાસ્તોની વિગત :**

- **આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડીયા (જુનુ એસ્સાર સ્ટીલ લી.)ની કુલ ૨૭.૯૪ હેક્ટરની બે (૨) દરખાસ્તોને સૈદ્ધાંતિક મંજુરી મળેલ છે.**
- **બે (૨) દરખાસ્તોમાં કુલ રૂ.૩૪.૧૦ કરોડ વસૂલ કરવામાં આવેલ છે.**
- ઉપરોકત પૈકી **૭.૧૮ હેક્ટર**ની દરખાસ્તને ભારત સરકારશ્રી દ્વારા તા.૧૩/૦૨/૨૦૨૪નાં રોજ આખરી મંજુરી આપવામાં આવેલ છે. જેમાં કુલ **રૂ.૧૩.૯૨ કરોડ** (પેનલ્ટી રૂ.૭.૭૬ કરોડ) અને **૩૧.૫૬ હેક્ટર** બિન-જંગલ જમીન (ચાર ગણી)લેવામાં આવેલ છે.
- બાકી રહેતી **૨૦.૭૬ હેક્ટર**ની દરખાસ્તને, વર્ષ ૨૦૧૩માં સૈદ્ધાંતિક મંજુરી મળેલ છે, પરંતુ **૧૩૧ હેક્ટર** બિન-જંગલ જમીન વન વિભાગને આપવામાં આવેલ નથી અને તે માટે વળતર વનીકરણની રકમ પણ આપવાની બાકી રહેલ છે.
- **૨૦.૭૬ હેક્ટર**ની દરખાસ્તમાં અત્યાર સુધી **રૂ.૨૦.૧૮ કરોડ**ની વસુલાત કરવામાં આવેલ છે. જે પૈકી પેનલ્ટી **રૂ.૧૭.૪૦ કરોડ** સિંહોના સંરક્ષણ માટે વસુલ કરવામાં આવેલ છે.

**(૩) પડતર દરખાસ્તોની વિગત :**

- આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડીયાની **કુલ ૧૬૮.૯૬ હેક્ટર**ની **બે (૨)** દરખાસ્તો સ્ટીલ પ્લાન્ટના વિસ્તરણ માટેની છે. જે હાલ પડતર છે. જેનો વિસ્તાર **૧૨૦.૦૦ હેક્ટર** અને **૪૮.૯૬ હેક્ટર** છે.

**મોજે. હજીરા(સુવાલી), તા.ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ કુલ વન વિસ્તાર ૮૮૯.૩૧ હેક્ટર માંથી** આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડીયા (જુનુ એસ્સાર સ્ટીલ લી.) ની નીચે મુજબની દરખાસ્તો છે.

| મંજુરીની વિગત | દરખાસ્તની સંખ્યા | વિસ્તાર(હેક) |
|---|---|---|
| આખરી મંજુરી | ૦૭ | ૧૧૧.૧૪ હેક્ટર |
| સૈદ્ધાંતિક મંજુરી | ૦૨ | ૨૭.૯૪ હેક્ટર |
| પડતર દરખાસ્તો | ૦૨ | ૧૬૮.૯૬ હેક્ટર |
| | **૧૧** | **૩૦૮.૦૪ હેક્ટર** |

**આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડીયા (જુનુ એસ્સાર સ્ટીલ લી.)ને આખરી મંજુરી મળેલ હોઇ તેવી દરખાસ્તોની વિગત**

**ઉત્તર :** આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડીયા (જુનુ એસ્સાર સ્ટીલ લી.) ની કુલ-૭ દરખાસ્તોને આખરી મંજુરી મળેલ છેઅને તેમાં **૧૧૧.૧૪ હેક્ટર** વિસ્તાર તેઓને ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | યુઝર એજન્સીનું નામ | વિસ્તાર | હેતુ | આખરી મંજુરીની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | એસ્સાર સ્ટીલ લિમિટેડ | ૦.૯૦ હેક્ટર | ઇમરજન્સી સ્ટાફ ક્વાર્ટર | ૧૮/૧૧/૧૯૯૯ |
| ૨ | એસ્સાર સ્ટીલ લિમિટેડ | ૩૪.૦૦ હેક્ટર | બાયપાસ રોડ | ૨૪/૧૨/૨૦૦૯ |
| ૩ | એસ્સાર પાવર | ૪.૯૩ હેક્ટર | ૨૦૦ કેવી પાવર ટ્રાન્સમીશન લાઇન | ૨૬/૦૮/૨૦૦૯ |
| ૪ | એસ્સાર સ્ટીલ લિમિટેડ | ૧.૫૦ હેક્ટર | રેલવે લાઇન | ૦૨/૦૧/૨૦૦૩ |
| ૫ | એસ્સાર પાવર | ૪.૦૮ હેક્ટર | ૪૦૦ કેવી પાવર ટ્રાન્સમીશન લાઇન | ૦૬/૦૨/૨૦૧૩ |
| | **કુલ--** | **૪૫.૪૧ હેક્ટર** | | |
| ૬ | એસ્સાર સ્ટીલ લિમિટેડ (હાલ AMNS) | ૩૮.૭૧ હેક્ટર | રો મટીરીયલ ફેસીલીટીઝ અને યુટીલીટીઝ નું બાંધકામ | ૧૩/૦૯/૨૦૨૧ |
| ૭ | એસ્સાર સ્ટીલ લિમિટેડ (હાલ AMNS) | ૨૭.૦૨ હેક્ટર | રો મટીરીયલ ફેસીલીટીઝ અને યુટીલીટીઝ નું બાંધકામ | ૧૩/૦૯/૨૦૨૧ |
| | **કુલ ---** | **૬૫.૭૩ હેક્ટર** | | |
| | **એકંદરે કુલ વિસ્તાર ---** | **૧૧૧.૧૪ હેક્ટર** | | |

**જંગલની જમીન ઉદ્યોગોને શું ભાવે આપવામાં આવે છે?**

**ઉત્તર :** જંગલની જમીનના ડાયવર્ઝન માટે ભાવ નિર્ધારીત થયેલ નથી, પરંતુ વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ટ થતી જમીનના બદલામાં વળતર વનીકરણ માટે જમીન, વળતર વનીકરણનો ખર્ચ અને જમીનની નેટ પ્રેઝન્ટ વેલ્યુ વગેરે નિયમોનુસાર વસુલ કરવામાં આવે છે.